**SET - #**

**SERIES : *****

**Code No. - 10**

**Roll No.** | | | | | | | |

**Candidates must write the Code on the title page of the answer-book.**

* આ પ્રશ્નપત્રમાં 7 પાના છે તે તપાસી લેવું.
* આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં અવશ્ય લખવાનો રહેશે.
* આ પ્રશ્નપત્રમાં 6 પ્રશ્નો છે તે તપાસી લેવું.
* પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.
* આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાક થી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમય દરમિયાન ઉત્તર પુસ્તિકમાં કોઈ ઉત્તર લખવા નહીં.
* Please check that this question paper contains 7 printed pages.
* Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
* Please check that this question paper contains 5 questions.
* Please write down the Serial Number of the question before attempting it.
* 15 minutes time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m. the students will only read the question paper and not write any answer on the answer-book during this period.

**STD – XII - ગુજરાતી**

**STD – XII - GUJARATI**

**Sample Paper - 2018**

સમય સીમા: **3** કલાક

કુલ અંક :**100**

**Time allowed : 3 Hours**

**Maximum Marks : 100**

## SECTION – A
## (Advanced Reading Skill)

**(1) નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો.** **10**

માનવજીવનમાં પ્રારબ્ધ અને પુરુષાર્થનો સંઘર્ષ સનાતન કાળથી ચાલ્યો આવે છે. એ સંઘર્ષને પરિણામે અનેક મહાનુભાવો મૂંઝવણમાં મુકાયા છે. 'વિધિના લેખ પર કોઈ મેખ નથી મારી શકતું','નસીબ વિના ન ફળે દરિયો કે દરબાર', માનવજીવનમાં આવતી ચડતી-પડતી, સફળતા-નિષ્ફળતા, સુખ-દુઃખ એ નસીબને આધારે છે, એમ પ્રારબ્ધવાદીઓ માને છે. 'માનવી પોતે જ પોતાનો ભાગ્ય વિધાતા છે' એવી વિચારસરણી પુરુષાર્થવાદીઓ ધરાવે છે. તેઓ માને છે કે 'પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે.' પુરુષાર્થ કરવાથી જ માનવી સુખ, સંપત્તિ ને સત્તાના સર્વોચ્ચ શિખર સર કરી શકે છે. પુરુષાર્થ જીવનની સફળતાનો રાજમાર્ગ છે. વિશ્વની મહાન સિદ્ધિઓ પુરુષાર્થનું જ પરિણામ છે. જગતના મહાન નેતાઓ, વૈજ્ઞાનિકો, તત્વચિંતકો પુરુષાર્થથી જ અમર કીર્તિ મેળવી શક્યા છે. જગતની મહાન શોધો પુરુષાર્થનો જ પરિપાક છે. ગાંધીજી પુરુષાર્થનું જીવંત પ્રતીક બન્યા ને મહાસત્તાને નમાવી. મહાન વિભૂતિઓના જીવન એટલે પુરુષાર્થની તવારીખ. પ્રારબ્ધને વધારે પડતું મહત્ત્વ આપનાર મનુષ્ય પુરુષાર્થ કરવા પ્રેરાતો નથી. માત્ર પુરુષાર્થ કરવાથી બધુ મળતું હોત તો જગતમાં સરખી મહેનત કરનારા બધા જ સરખા હોત. પણ એમ બનતું નથી. પુરુષાર્થ સાથે દીર્ઘદૃષ્ટિ હોવી જરૂરી છે. કવિ રાજેન્દ્ર શાહના 'આપણાં ઘડવૈયા બાંધવ આપણે' કાવ્યમાં મહેનતના મૂલ્યની સાથે સાથે આપણામાં પારસમણિ જેવી શક્તિઓ છે, જેને બહાર કાઢવાની ગુરુચાવી પણ આપણે જ છીએ એ સમજાવીને જીવન ઘડતરની સીખ આપી છે. આમ, પ્રારબ્ધ અને પુરુષાર્થ એક બીજાના પૂરક છે. આજનો પુરુષાર્થ આવતી કાલનું પ્રારબ્ધ બની શકે છે. નસીબના ખજાનાને ખોલતી ચાવી પણ બની શકે.

**પ્રશ્નો**

(1) માનવજીવનમાં કયો સંઘર્ષ ચાલી રહ્યો છે? શા માટે?

(2) લેખકને મતે નસીબને આધારે કઈ કઈ વસ્તુઓ છે? કઈ રીતે?

(3) પુરુષાર્થવાદીઓની વિચારસરણી કેવી છે? શા માટે?

(4) 'પુરુષાર્થ જીવનની સફળતાનો રાજમાર્ગ છે.' – સમજાવો.

(5) પ્રારબ્ધ અને પુરષાર્થ એકબીજાના પૂરક કેવી રીતે બની શકે?

## SECTION – B
### (Writing Skill)

**(2)** **(અ)** **તમારી શાળામાં યોજાયેલા સ્વચ્છતા અભિયાન વિશે આશરે 100 શબ્દોમાંઅહેવાલ લખો.** **6**

**(બ)** **તમારી સોસાયટીની આસપાસ રખડતાં પશુઓના ત્રાસ વિશે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખો.** **6**

**અથવા**

**તમારા નાનાભાઈને વાચનનું મહત્ત્વ સમજાવતો પત્ર લખો.**

**(ક)** **નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર 250 શબ્દોમાં નિબંધ લખો.** **8**

(1) એ અવિસ્મરણીય પ્રસંગ હું કદી નહીં ભૂલી શકું...........

(2) કુદરતના હાસ્ય અને રૌદ્ર રૂપો

(3) આજના યુવાનોને શું થયું છે?

## SECTION –C
### (Applied grammar)

**(3)** **(અ)** **સૂચના પ્રમાણે પરિવર્તન કરો.** **3**

(1) હેમચંદ્રને પોતાની લેખનશક્તિ પર જોઈએ તેના કરતાં વધુ વિશ્વાસ હતો. (નિષેધવાક્ય)

(2) વસ્ત્ર હોય કે શરીર તેની જીર્ણતાને નિવારી શકાતી નથી. (પ્રશ્નવાક્ય)

(3) માતૃભાષાનું તેમને ખૂબ ગૌરવ હતું. (ઉદ્ગારવાક્ય)

**(બ)** **નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો.** **3**

(1) નિઃસ્તબ્ધ

(2) સુપ્રતિષ્ઠિત

(3) સજ્જન

**(ક)** **નીચેના વાકયોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારો.** **3**

(1) રાજનંદિનીના પ્રકૃતિનો શરમાવે શણગારને તેવો શણગાર આ !

(2) સત્યની છે પરમાત્માની શોધ પ્રસાદી કસોટી અને એમાનવીની

(3) પાંચ પાંચ નિમકહલાલ બજાવી સૂબેદારના અવિશ્વાસ વરસ સેવા તોયે મનમાં માટે મારા

**(ડ)** **(1)** **નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો.** **3**

(1) મોં ફેરવી લેવું (2) બે પાંદડે થવું

(3) દિલમાં મેલ રાખવો

**(2)** **નીચેની કહેવતોનો એક વાક્યમાં અર્થ લખો.** **3**

(1) ચોર કોટવાળને દંડે (2) પાણી પહેલા પાળ બાંધવી

(3) પારકી મા જ કાન વીંધે

**(ઇ)** **નીચેના વાકયોના સૂચના પ્રમાણે કાળ બદલો.** **3**

(1) મીરાંનો કૃષ્ણપ્રેમ દિવ્ય હતો. (સાદો વર્તમાનકાળ)

(2) આકાશમાંથી અગ્નિ વરસે છે. (ચાલુ વર્તમાનકાળ)

(3) શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા. (સાદો ભૂતકાળ)

**(ઈ)** **(1)** **રેખાંકિત અનુગને સ્થાને નામયોગી મૂકો.** **2**

સાંજ પડતાં પક્ષીઓ માળામાં પાછા ફર્યા.

**(2)** **નામયોગીના સ્થાને અનુગ મૂકો.**

મંદિર કિનારાના એક ઊંચા ટેકરા પર આવેલું છે.

## SECTION –D
## (Literature)

**(4)** **(અ)** **નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો.** **5**

જો નિશાળ ન હોત તો બધાંના બાળપણનો કાળ સુખમાં જ ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ. એનો એવો જરાય અર્થનહિ કે મને ભણવાની હોંશ નહોતી. પણ કેરી પીળી કઈ રીતે થાય? નાળિયેરમાં મીઠું પાણી કોણ રેડે? ગર ભરેલી આમલી ઝાડ પર કઈ રીતે તૈયાર થાય?આખો દિવસ આપણે ગીત ગાતાં રહીએ તો શું થાય?આવું આવું શિક્ષણ આપવાનું છોડીને બીજા જ વિષયો ભણાવવામાં આવે છે? રોજ પ્રાર્થના કરવા છતાં ભગવાન આપવામાં આપણાં પર આટલો ક્રૂર કેમ થાય છે? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી. એટલું વળી ઠીક હતું કે મારા નાનપણમાં જૂનું ગણિત જ હતું. પણ જૂનું ગણિત ભણેલા ભગવાનને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં, ધીમેથી આવીને કહી જવામાં શો વાંધો હતો? મારા

વર્ગમાંના વિનાયક દેસાઇને, દીનુ અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે. હકીકતે તો અમે ત્રણેય જણ જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને,'ભગવાન મને ગણિતમાં પાસ કર. પુરવણી પર શાહી ઢોળવા દઈશ નહિ, એવી એવી માગણીઓ કરતાં.

પ્રશ્નો:

(1) બાલ્યકાળના સુખની લેખક શી કલ્પના કરે છે?

(2) કયા સવાલનો જવાબ લેખકને નિશાળમાં ક્યારેય મળ્યો નથી?

(3) લેખકના મતે કેવું શિક્ષણ આપવું જોઈએ?

(4) લેખક ભગવાન વિશે શું વિચારે છે?

(5) લેખક ભગવાનને શી પ્રાર્થના કરે છે?

**(બ) નીચેનામાંથી કોઈ પણ ચાર વિધાનો માટે પૂર્વાપર સંબંધ આપો.** **8**

(1) 'કુસુમ હાંલ્લીને અડવા બાબતે સુંદરને અટકાવે છે'.

(2) 'નારાયણ હેમચંદ્ર કાર્ડિનલ મેનિંગને મળવા ગયા.'

(3) જણસો ઉતારીને દાબડામાં મૂકી દેવાની વાત વજેસંગ અને દલભાઈને અપમાન જેવી લાગી.

(4) 'બિસ્મિલ્લાખાંને મામાએ ખૂબ માર્યા.'

(5) ચિરાયુનું રેશમી વસ્ત્ર સાંધી શકાયું નહિ.

**(ક) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના સાત-આઠ વાકયોમાં ઉત્તર લખો.** **8**

(1) અખો શા માટે સંસાર ત્યાગ કરે છે? એની મનઃસ્થિતિ વર્ણવો.

(2) 'પૂંજા મેજરની નિઃસ્વાર્થ પરાયણતા વિશે ટૂંકનોંધ લખો.

(3) સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

**(ડ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.** **4**

(1) વેનિસમાં કયા કયા રમણીય સ્થાનો છે?

(2) બાલ્યકાળના સુખની શી કલ્પના લેખક કરે છે?

(3) શા કારણથી રાજીમાએ દીકરાને કાગળ લખવાનો નિર્ણય માંડી વાળ્યો?

**(5)** **(અ)** **નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો.** **4**

ક્રોધી સ્વભાવને જીતવો ને,
રાખવો નહીં અંતરમાં ક્રોધ રે,
સમાનપણે સર્વમાં વરતવું ને,
ટાળી દેવો મનનો વિરોધ રે.
હે જી રામ, નિરમળ થઈને કામને જીતવો ને,
રાખવો અંતરમાં વેરાગ રે,
જગતના વૈભવને મિથ્યા જાણી ને,
ટાળી દેવો દુર્જનનો રાગ.
હે જી રામ,આ લોક ને પરલોકની આશા તજવી ને,
રાખવું અભ્યાસમાં ધ્યાન રે,
તરણાં સમાન સહુ સિદ્ધિઓને ગણવી ને,
મેલવું અંતરનું માન રે.
હે જી રામ, ગુરુમુખી હોય તેણે એમ જ રહેવું ને,
વરતવું વચનની માંય રે,ગંગાસતી એમ બોલિયાં રે
પાનબાઈ,એને નડે નહીં જગતમાં કોઈ.

પ્રશ્નો :

(1) કવયિત્રી કેવી રીતે વર્તવાનું કહે છે? શા માટે?
(2) જગતનો વૈભવ કેવો છે? તેને ટાળવા શું કરવું?
(3) સિદ્ધિઓ અંગે કવયિત્રી શું માને છે?
(4) કાવ્યમાં કવયિત્રીએ શો બોધ આપ્યો છે.

**(બ)** **નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો.** **8**

(1) 'એક સરખા દિવસ સુખના...'કાવ્યમાં માનવીય પરિસ્થિતિ અને પરિવર્તન અંગે શો સંદેશ સમજાવ્યો છે?
(2) 'આ રસ્તાઓ' કાવ્યના શીર્ષકની યથાર્થતા ચર્ચો.
(3) 'હંકારી જા'કાવ્યનો કેન્દ્રવર્તીભાવ સ્પષ્ટ કરો.

**(ક) નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.** **8**

(1) કવિ કોની સ્મૃતિથી વિહ્વળ બને છે? શા માટે?

(2) ‘વીડી વાઢનારા’ કાવ્યમાં નાયકનો સ્વાર્થ અને નાયિકાની નિઃસ્વાર્થ ભાવના વર્ણવો.

(3) મેળો આપો તો કાવ્યમાં કવિ શી અકળામણ અનુભવે છે?

(4) વનરાઈમાં આગનું દશ્ય કેવું છે?

(5) ‘ટોળા વચ્ચે એકલતા’ સમજ સ્પષ્ટ કરો.

**(6) નીચેનામાંથી કોઈપણ એક લેખકનો પરિચય આશરે 100 શબ્દોમાં કરવો.** **5**

(1) ગોવર્ધનરામ ત્રિપાઠી

(2) સુંદરમ્

----------x-----------x-----------